## ગણેશોત્સવના 2 મહિના પહેલા વરસતા વરસાદ વચ્ચે પણ શ્રીજીના સ્વાગત માટે હજારોની મેદની



■ ગણેશોત્વને આડે બે મહિનાની વાર છે પરંતુ તે પહેલા જ સુરતના ગણેશભક્તોમાં થનગનાટ જોવા મળી રહ્યો છે. ગોપીપુરા અને સોનિફળિયામાં આવેલા ગણપતિના કારખાના અને વેચાણ કેન્દ્ર પર મૂર્તિની પસંદગી માટે યુવાનો મોડી રાત્રે પણ જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે સુરતમાં ગણેશ્વરાય ગ્રુપના પહેલા ગણપતિનું આગમન થયું હતું. વરસતા વરસાદ વચ્ચે હજારો ભક્તો તેની સ્વાગત યાત્રામાં જોવા મળ્યા હતાં. (તસવીર : હેમંત ડેરે)

# ધંધામાં 6 લાખ રૂપિયાનું નુકસાન થતાં ઓનલાઈન ઠગાઈ શરૂ કરી

**ઈંટના** ઓર્ડર ગ્રાહકો પાસેથી લઈ ભઠ્ઠાવાળાઓને ઓર્ડર આપી રકમ પડાવી લેતો

સુરતઃ ધંધામાં લાખોનું નુકસાન જતાં ટૂંકા સમયમાં રૂપિયા કમાવવા ઠગાઈ કરતાં શખ્સને સાયબર ક્રામ પોલીસે ઝડપી પાડ્યો હતો.

ડુમસ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં સાયબર ક્રાઈમ સેલની ટીમે મૂળ રાજસ્થાનના બિકાનેરના વતની અને હાલ સુરતના ગોડાદરા મહારાણા પ્રતાપ ચોકના સાલસર રેસિડેન્સીમાં રહેતા 32 વર્ષીય ધોરણ-12 પાસ આરોપી નરેન્દ્રભાઈ કનૈયાલાલ સારસ્વત (તે પોતાના ગુનાઓમાં પોતાની ઓળખ છુપાવવા માટે જ્ઞાનપ્રકાશ અથવા ઉર્ફે શિવમ નામનો પણ ઉપયોગ કરતો)ને ઝડપી પાડ્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, આરોપી અગાઉ ઈંટ લે-વેચના એજન્ટ તરીકે કામ કરતો હતો. વર્ષ 2021માં તેણે મિત્ર સાથે હાર્ડવેરનો ધંધો શરૂ કર્યો હતો, જેમાં આશરે 6 લાખ રૂપિયાનું નુકસાન જતાં ટૂંકા સમયમાં વધુ રૂપિયા કમાવવા માટે તેણે આ ઓનલાઈન ઠગાઈનો માર્ગ અપનાવ્યો હતો.

### જસ્ટ ડાયલથી ભઠ્ઠાવાળાને અને ફેસબુકથી ગ્રાહકને શોધતો

કાયદાની પકડથી બચવા માટે તે ગ્રાહિત વ્યક્તિઓના નામે મેળવેલા બોગસ સીમકાર્ડ વાપરતો અને ફેસબુક પર નકલી નામે એકાઉન્ટ બનાવી રેડ બ્રિક્સ, રેતી અને કપચીની જાહેરાતો મૂકતો. જ્યારે કોઈ ગ્રાહક ઈંટ ખરીદવા તૈયાર થાય ત્યારે આરોપી પોતે 'જસ્ટ ડાયલ' મારફતે અસલી ઈંટના ભઠ્ઠાવાળાઓનો સંપર્ક કરતો અને ગ્રાહકના સરનામે ઈંટો રવાના કરાવી દેતો. ગ્રાહકને માલ મળી જતાં તે ઓનલાઈન પેમેન્ટ આરોપીના ખાતામાં કરતો. આરોપી આ રકમ ભઠ્ઠા માલિકને ચૂકવવાના બદલે વિવિધ મની ટ્રાન્સફર એજન્ટો મારફતે રોકડી કરી લેતો અને ફોન બંધ કરી દેતો. આમ, તે એકસાથે બંને પક્ષોને છેતરતો હતો.

### સુરત અને ડાંગના 5 ગુનાનો ભેદ ઉકેલાયો

પકડાયેલા આરોપી વિરુદ્ધ માત્ર ડુમસ જ નહીં પરંતુ, સુરતના સિંગણપોર, પાંડેસરા, ઓલપાડ (સુરત ગ્રામ્ય) અને ડાંગના વઘઇ પોલીસ સ્ટેશનમાં પણ છેતરપિંડી તેમજ આઈ.ટી. એક્ટ હેઠળ ગુનાઓ તથા NCCRP ઓનલાઈન ફરિયાદો નોંધાયેલી છે, જે તમામનો ભેદ પોલીસે ઉકેલી નાંખ્યો છે.

## પુત્ર સાથે બાઇક પર જઇ રહેલી માતાના ગળામાંથી ૧.૫૦ લાખની ચેઇન આંચકી લીધી

સુરતઃ કઠોદરા રોડ પર પુત્ર સાથે બાઇક પર જઇ રહેલી માતાના ગળામાંથી અજાણ્યા બાઇકચાલકે ૧.૫૦ લાખની કિંમતની સોનાની ચેઇન ઝૂંટવી લીધી હતી. પુણાગામ ખાતે વ્રજવાસી ફાસ્ટફૂડ ચલાવતા ચિરાગભાઈ રમેશભાઈ પરમાર ગત તારીખ ૨૫ જૂન, ૨૦૨૬ના રોજ રાત્રે માતા મધુબેન અને પિતાને સરથાણા ડી-માર્ટ પાસેથી લઈને પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. રાત્રિના અંદાજે ૧૧:૦૦ થી ૧૧:૧૫ વાગ્યાના સુમારે જ્યારે તેઓ કઠોદરા રોડ પર વ્રજ વલ્લભ ફાર્મ નજીક એક અજાણ્યો સ્પોર્ટ્સ બાઈક સવાર તેમની પાછળથી ધસી આવ્યો હતો. અને તેમની માતાના ગળામાંથી ૨૨ કેરેટની અંદાજે દોઢ તોલાની સોનાની ચેઈન જોરથી ખેંચી ફરાર થઇ ગયો હતો. આ બનાવની ફરિયાદ થતાં પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

## ફાઇનાન્સ કંપનીએ કરેલા ચેક રિટર્ન કેસમાં લોનધારક મહિલાનો છુટકારો

સુરતઃ લોનની મુદ્દત પુરી થાય એ પહેલાં ચેક બેન્કમાં રજૂ કરી રિટર્ન થતાં ફાઇનાન્સ કંપનીએ ચેક રિટર્નની કરેલી ફરિયાદમાં લોનધારક મહિલાને કોર્ટે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો હતો. આશા ફાઇનાન્સ દ્વારા ડિંડોલીનાં આશાબેન પાટીલ સામે નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસમાં આરોપી તરફે લીગલ એઇડ ડિફેન્સનાં એડવોકેટ જે. દેસાઈએ દલીલ કરી હતી કે ફરિયાદીએ લોનની મુદ્દત પૂર્ણ થયા પહેલાં જ મનસ્વી રીતે રકમનો ચેક રજૂ કર્યો હતો અને સિક્યોરિટી પેટે આપેલા કોરા ચેકનો દુરુપયોગ કર્યો હતો. ફરિયાદી પક્ષ રૂપિયા ૩.૫૫ લાખની રકમ કાયદેસર રીતે બાકી લેણી નીકળે છે તે સાબિત કરવામાં નિષ્ફળ જતાં કોર્ટે આરોપી મહિલાને છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

## રિંગ રોડ પર બસની રાહ જોતી વૃદ્ધાનું પર્સ ઝુંટવાયું

સુરતઃ રિંગ રોડ પર સોમાલિયા હનુમાન મંદિર સામે બસની રાહ જોઈને ઉભેલા ૬૦ વર્ષીય વૃદ્ધાના હાથમાં પર્સ આંચકી મોપેડ ચાલક ફરાર થઇ ગયો હતો. ડિંડોલીના ઉમિયાનગર-૧ માં રહેતા કલ્પનાબેન ભાસ્કર બાવીસ્કર પાર્લે પોઈન્ટ ખાતે એક સંસ્થા હસ્તક વૃદ્ધ માતાના કેર ટેકર તરીકે નોકરી કરે છે. ગત તા-૦૨/૦૭/૨૦૨૬ ના રોજ સવારે ૮ વાગ્યે તેઓ નોકરીએ જવા નીકળ્યા હતા. રિંગ રોડ, કિન્નરી સિનેમા ત્રણ રસ્તા પાસે સોમાલિયા હનુમાન મંદિર સામે તેઓ પાર્લે પોઈન્ટ જવાની સિટી બસની રાહ જોઈને ઉભા હતા. ત્યારે અચાનક એક અજાણ્યો શખ્સ લાલ કલરની મોપેડ પર ધસી આવ્યો હતો. તેણે કલ્પનાબેનની નજીક મોપેડ લાવી પર્સ ઝૂંટવી લીધું હતું. જેમાં રૂ. ૨૫,૫૦૦ની મત્તા હતી.

# 'તમે અમારો પગાર ખાઓ છો તેવું કહેનારા સરકારી અનાજ ખાઈ છે'

**ડાયરામાં** માયાભાઈ આહીરના નિવેદનથી વિવાદઃ 'આપ' નેતાનો ભાજપના નામે સણસણતો પ્રહાર

**સામાન્ય** જનતા અને ટેક્સપેયર્સના અપમાનનો આક્ષેપ; કલાકારોની નીડરતા અને દારૂબંધીના મુદ્દે રાજકારણ ગરમાયું

સુરતઃ સુરત પોલીસના પીઆઈ જયરાજસિંહ ગઢવીના નિવૃત્તિ વિદાયમાન સમારોહમાં યોજાયેલો લોકડાયરો હવે મોટા રાજકીય અને સામાજિક સંગ્રામમાં ફેરવાઈ ગયો છે. માયાભાઈ આહીર, કીર્તિદાન ગઢવી અને મૈથિલી ઠાકુર જેવા દિગ્ગજોની હાજરીમાં રખાયેલા આ કાર્યક્રમમાં લોકસાહિત્યકાર માયાભાઈએ પોલીસના વીડિયો ઉતારતા યુવાનો પર કટાક્ષ કર્યો હતો કે, 'તમે અમારો પગાર ખાઓ છો તેમ કહેનારા પોતે રેશનિંગના ઘઉં ખાતા હોય છે અને જિંદગીમાં ક્યારેય ટેક્સ નથી ભરતા.' આ નિવેદન સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ આમ આદમી પાર્ટીના પૂર્વ કોર્પોરેટર મહેશ અણઘણે મોરચો ખોલી દીધો છે. 'આપ' નેતાએ સીધો આક્ષેપ કર્યો કે, ભાજપ સરકારના બે નંબરના રૂપિયા આવતા હોવાથી આવા કલાકારોના મોઢા સિવાઈ ગયા છે અને તેમને સત્તાધારી પક્ષની વાહ-વાહી કરવી પડે છે. અગાઉ કલાકારોએ કટોકટીના સમયે ભાજપના ખેસ કેમ પહેરવા પડ્યા હતા તે યાદ અપાવીને તેમણે આકરા પ્રહારો કર્યા હતા.

મહેશ અણઘણે લોકશાહીમાં જનતાના અધિકારોની વકીલાત કરતા જણાવ્યું કે, દેશનો ગરીબમાં ગરીબ નાગરિક કે ભિખારી પણ પારલે-જી બિસ્કિટ કે દૂધ ખરીદીને પરોક્ષ કર (ઈનડાયરેક્ટ ટેક્સ) ભરે છે, જેથી કલાકારોને ટેક્સપેયર્સનું અપમાન કરવાનો કોઈ હક નથી. જ્યારે મીડિયા અને સિસ્ટમ લાચાર બને છે, ત્યારે જાગૃત યુવાનો સોશિયલ મીડિયાના માધ્યમથી ખોટી બાબતો સામે અવાજ ઉઠાવે છે. ડાયરામાં નોટોના વરસાદ વચ્ચે આપ નેતાએ સવાલ કર્યો કે, જો કલાકારોમાં સાચે જ નીડરતા હોય તો તેઓ રાજ્યમાં ચાલતા દારૂના અડ્ડા, ખેડૂતોની લાચારી કે રામ મંદિરના કથિત દાન ચોરી જેવા મુદ્દાઓ પર કેમ મૌન સેવી લે છે? જાગૃત યુવાનોનું મનોબળ તોડવાના આ પ્રયાસને અત્યંત નિંદનીય ગણાવીને તેમણે ઉમેર્યું કે, તમામ પોલીસ કર્મચારીઓ ખરાબ નથી હોતા, પરંતુ ખોટી બાબતો સામે અવાજ ઉઠાવતી જનતાને નીચી દેખાડવાની કલાકારોની આ માનસિકતા લોકતંત્ર માટે ઘાતક છે.

# 70 દિવસ બાદ મનપાની સમિતિઓના ચેરમેન વરાશે

**વિરોધપક્ષની** સંપૂર્ણ બાદબાકીઃ હોદ્દેદારોની વરણી બાદ તમામ સમિતિની બેઠક યોજાશે

સુરતઃ સુરત મહાનગરપાલિકાની ચૂંટણીના ગત 28 એપ્રિલે જાહેર થયેલાં પરિણામો બાદ, ક્રમશઃ આગળ વધેલી વહીવટી પ્રક્રિયા હવે તેના અંતિમ ચરણમાં પહોંચી છે. 28 મેના રોજ મેયર, ડેપ્યુટી મેયર અને સ્થાયી સમિતિના અધ્યક્ષ જેવા મુખ્ય પદો નક્કી કરાયા બાદ 30 જૂનની સામાન્ય સભામાં 12 વિવિધ સમિતિના સભ્યો જાહેર કરાયા હતા. 70 દિવસની રાહ જોયા બાદ, મંગળવારે આ તમામ સમિતિઓના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના નામોની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. અને તમામ ચેરમેનો વિધિવત ચાર્જ સંભાળશે. આ નવી ટર્મની સૌથી મોટી ખાસિયત એ રહેશે કે લાંબા સમય બાદ રચાનારી આ તમામ સમિતિઓમાંથી વિરોધ પક્ષની સંપૂર્ણ બાદબાકી જોવા મળશે. વિવિધ સમિતિઓના ચેરમેનોની નિમણૂકમાં નક્કી કરાયેલા કાર્યક્રમ મુજબ સવારે આરોગ્ય, જાહેર બાંધકામ અને પાણી સમિતિની, ત્યારબાદ ટી.પી., સોશિયલ વેલફેર અને ગટર સમિતિની, ત્યારબાદ કાયદા, ગાર્ડન તેમજ લાઈટ એન્ડ ફાયર સમિતિની અને અંતે હોસ્પિટલ, સ્લમ અને ટ્રાન્સપોર્ટેશન સમિતિની બેઠક યોજાશે. તમામ બેઠકોમાં ચેરમેન અને વાઈસ ચેરમેનની નિયુક્તિને સત્તાવાર મંજૂરી આપવામાં આવશે. સમિતિઓને સત્તાવાર બહાલી મળ્યા બાદ છેલ્લા ચાર મહિનાથી અટવાયેલા વિવિધ વિકાસકાર્યો, નીતિગત નિર્ણયો અને વહીવટી દરખાસ્તો પર ફરી ગતિ આવવાની અપેક્ષા વ્યક્ત થઈ રહી છે. નવા ચેરમેનો ચાર્જ સંભાળ્યા બાદ અલગ-અલગ સમિતિઓની નિયમિત બેઠકોનો દોર પણ શરૂ થશે.

# મુંબઈ-નવી મુંબઈમાં ખરાબ હવામાન, ત્રણ ફ્લાઇટ સુરત ડાયવર્ટ

**ત્રણેય** વિમાનો સુરક્ષિત ઉતર્યા; કુલ 524 મુસાફરો સલામત, સુરત-દીવ ફ્લાઇટ રદ અને સુરત-ચેન્નઈ ફ્લાઇટ દોઢ કલાક મોડી

**ઈન્ડિગોની** ફ્લાઇટ તિરુવનંતપુરમથી મુંબઈ જઈ રહી ફ્લાઇટના 189 મુસાફરોમાંથી 9 સુરતમાં જ ઉતરી ગયા

સુરતઃ મુંબઈ અને નવી મુંબઈ એરપોર્ટ પર શનિવારે પ્રતિકૂળ હવામાન સર્જાતા ઈન્ડિગોની ત્રણ ફ્લાઈટને સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી. ત્રણેય વિમાનો સુરક્ષિત રીતે સુરત એરપોર્ટ પર ઉતારવામાં આવ્યા હતા અને એરપોર્ટ સત્તાવાળાઓએ મુસાફરોની સુરક્ષા તેમજ જરૂરી સુવિધાઓની યોગ્ય વ્યવસ્થા કરી હતી.

સૌપ્રથમ ઈન્ડિગોની ફ્લાઈટ 6E-627, જે તિરુવનંતપુરમથી મુંબઈ જઈ રહી હતી, તે સવારે 11:12 વાગ્યે સુરત એરપોર્ટ પર સુરક્ષિત ઉતરી હતી. આ ફ્લાઈટમાં કુલ 189 મુસાફરો સવાર હતા. વિમાનમાં ઈંધણ ભર્યા બાદ બપોરે 1:15 વાગ્યે મુંબઈ માટે રવાના કરવામાં આવ્યું હતું. 189 મુસાફરોમાંથી 9 મુસાફરોએ પોતાની ઈચ્છાથી સુરતમાં જ ઉતરવાનું પસંદ કર્યું હતું.

ત્યારબાદ ચેન્નઈથી મુંબઈ જતી ઈન્ડિગોની ફ્લાઈટ 6E-6348 સવારે 11:31 વાગ્યે સુરત એરપોર્ટ પર ઉતરી હતી. આ ફ્લાઈટમાં 158 મુસાફરો સવાર હતા. જરૂરી ઈંધણ ભર્યા બાદ બપોરે 12:57 વાગ્યે તમામ મુસાફરો સાથે ફ્લાઈટને મુંબઈ માટે રવાના કરવામાં આવી હતી.

સાંજે વધુ એક ઘટનામાં વારાણસીથી નવી મુંબઈ જતી ઈન્ડિગોની ફ્લાઈટ 6E-5302ને પણ નવી મુંબઈ ખાતે પ્રતિકૂળ હવામાનને કારણે સુરત એરપોર્ટ તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી.

આ વિમાન સાંજે 6:40 વાગ્યે સુરત એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતર્યું હતું અને તેને બે નંબર-6 પર પાર્ક કરવામાં આવ્યું હતું. આ ફ્લાઈટમાં કુલ 177 મુસાફરો અને ક્રૂ સભ્યો સવાર હતા.

પ્રતિકૂળ હવામાનની અસર સ્થાનિક સુરત એરપોર્ટના ફ્લાઈટ સંચાલન પર પણ જોવા મળી હતી. ઈન્ડિગોની સુરત-દીવ ફ્લાઈટ રદ કરવામાં આવી હતી, જ્યારે સુરત-ચેન્નઈ ફ્લાઈટ અંદાજે દોઢ કલાક મોડી ઉપડવાની માહિતી મળી હતી.

# મોટા વરાછામાંથી ડાંગનો દુર્લભ 'ફોર્સ્ટન કેટ સ્નેક' મળ્યો

**સાપ** વન વિભાગની દેખરેખ હેઠળ મૂકાયો; શહેરીકરણ વચ્ચે વન્યજીવોના સ્થળાંતરથી પર્યાવરણવિદો ચિંતિત



સુરતઃ શહેરના સતત વિસ્તરતા સિમેન્ટ-કોંક્રિટના સામ્રાજ્ય વચ્ચે વન્યજીવ સૃષ્ટિની એક અદભુત ઘટના સામે આવી છે. મોટા વરાછા વિસ્તારમાં કાર્યરત એક બાંધકામ સાઈટ પરથી સામાન્ય રીતે માત્ર ડાંગના ગાઢ અને ભેજયુક્ત જંગલોમાં જ વસવાટ કરતો દુર્લભ 'ફોર્સ્ટન કેટ સ્નેક' રેસ્ક્યૂ કરવામાં આવ્યો છે. સાઈટ પર અજાણ્યો સાપ દેખાતા જ ઓલપાડ સર્પ સુરક્ષા સંસ્થાના સ્વયંસેવક અક્ષય સવજાણીએ તુરંત ત્યાં પહોંચી તેને સુરક્ષિત પકડી લીધો હતો. સ્થાનિક સ્તરે જોવા મળતા સામાન્ય સાપ જેવા કે વાઈપર, ધામણ, કબ્રા કે વુલ્ફ સ્નેક કરતાં આ સાપ સાવ ભિન્ન જણાતા, સંસ્થાના અગ્રણી રજનીકાંત ચૌહાણ અને અન્ય વન્યજીવ નિષ્ણાતોની મદદ લેવાઈ હતી. વિવિધ એંગલથી પાડેલા ફોટોગ્રાફ્સના અભ્યાસ બાદ આ સાપ 'ફોર્સ્ટન કેટ સ્નેક' હોવાનું સત્તાવાર સમર્થન મળતા જ વન વિભાગને જાણ કરવામાં આવી હતી. નિષ્ણાતોના મતે, છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા અનરાધાર વરસાદ અથવા તો ડાંગના જંગલોમાંથી બાંધકામ માટે લાવવામાં આવેલા લાકડાં, પથ્થર કે અન્ય સામગ્રીમાં છૂપાઈને આ સાપ સુરત સુધી આવી પહોંચ્યો હોઈ શકે છે.

# રેલવેનું વિન્ટર જેકેટના પરીક્ષણ માટે સુરતની MANTRA ને આમંત્રણ

**SECR** દ્વારા દેશની પસંદગીની NABL માન્યતા પ્રાપ્ત પ્રયોગશાળાઓની પસંદગી; ગુજરાતના ટેક્સટાઇલ સંશોધન ક્ષેત્ર માટે ગૌરવની ક્ષણ



સુરતઃ ભારતીય રેલવેના સાઉથ ઈસ્ટ સેન્ટ્રલ રેલવે (SECR), બિલાસપુર (છત્તીસગઢ) દ્વારા રેલવે કર્મચારીઓ માટે ઉપયોગમાં લેવાતા વિન્ટર જેકેટના ગુણવત્તા પરીક્ષણ માટે દેશની અગ્રણી NABL માન્યતા પ્રાપ્ત પ્રયોગશાળાઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ પ્રક્રિયામાં અમદાવાદની ATIRA અને સુરતની ધ મેન મેડ ટેક્સટાઈલ રિસર્ચ એસોસિએશન (MANTRA) સહિત દેશની પ્રતિષ્ઠિત સંસ્થાઓને સ્થાન મળતાં ગુજરાતના ટેક્સટાઇલ સંશોધન ક્ષેત્રને રાષ્ટ્રીય સ્તરે મહત્વની માન્યતા મળી છે.

SECR દ્વારા નક્કી કરાયેલી તકનીકી વિશિષ્ટતાઓ મુજબ વિન્ટર જેકેટમાં વપરાતા કાપડની ફાઈબર રચના, GSM, Weave, Colour Fastness, Polyfillની ગુણવત્તા, Non-woven આંતરિક સ્તર, Taffeta Fabric, ત્રણ સ્તરની સ્ટિચિંગ, ઝીપરની ગુણવત્તા તેમજ 50 મીમી Reflective Tape સહિતના વિવિધ માપદંડોનું ભારતીય ધોરણો અનુસાર વૈજ્ઞાનિક પરીક્ષણ કરવાનું રહેશે. આ કામગીરી માટે NABL માન્યતા ધરાવતી પ્રયોગશાળાનું પ્રમાણપત્ર ફરજિયાત રાખવામાં આવ્યું છે. સુરતની MANTRA પાસે મેન-મેડ ટેક્સટાઈલ્સ, ટેક્નિકલ ટેક્સટાઈલ્સ, પ્રોટેક્ટિવ ક્લોથિંગ, ઈન્ડસ્ટ્રીયલ ફેબ્રિક્સ તેમજ ફેબ્રિક પરફોર્મન્સ સંબંધિત ભૌતિક, રાસાયણિક અને કાર્યક્ષમતા આધારિત પરીક્ષણો માટે અદ્યતન NABL માન્યતા પ્રાપ્ત પ્રયોગશાળાઓ ઉપલબ્ધ છે.

MANTRAના ડિરેક્ટર ડૉ. પંકજ ગાંધીએ જણાવ્યું કે સંસ્થા પાસે ભારતીય રેલવે દ્વારા નિર્ધારિત તમામ IS Standards મુજબના પરીક્ષણો માટે State-of-the-Art સાધનો, NABL માન્યતા પ્રાપ્ત લેબોરેટરી અને અનુભવી વૈજ્ઞાનિક તથા ટેક્નિકલ ટીમ ઉપલબ્ધ છે. ભૌતિક, રાસાયણિક, Performance, Durability અને Safety સંબંધિત તમામ પરીક્ષણો વૈજ્ઞાનિક ધોરણે સફળતાપૂર્વક હાથ ધરવાની સંપૂર્ણ ક્ષમતા MANTRA પાસે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઉદયન કેર સૂરત ચેપ્ટર દ્વારા ૫મી ઇન્ડક્શન સેરેમનીનું સફળ આયોજન




સૂરત, ૫ જુલાઈ ૨૦૨૬ - ઉદયન કેર સૂરત ચેપ્ટર દ્વારા એલ.પી. સાવની અકાદમી, વેસુ ખાતે પોતાની ૫મી ઇન્ડક્શન સેરેમનીનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરુઆત સશક્ત હોસ્ટિંગ શુભારંભ શાલિની દ્વારા થઇ હતી જ્યારે કન્વીનર રાજવી રેશમવાળાના સ્વાગત પ્રવચન કર્યું હતું. ગણેશ વંદનાએ સ્થાપિત કરેલા આધ્યાત્મિક માહોલ વચ્ચે ૩૦ નવી શાલિનીઓનું ઔપચારિક ઇન્ડક્શન કરવામાં આવ્યું હતું. ચેપ્ટર દ્વારા નેતૃત્વ ક્ષમતા અને ટીમ ભાવના વધારવા માટે નવી 'શાલિની હાઉસેસ' પહેલની પણ જાહેરાત કરવામાં આવી. રીજનલ મેનેજર પ્રતિક્ષા સોલંકીએ ઉદયન કેરની યાત્રા પર પ્રકાશ પાડ્યો, જ્યારે કો-કન્વીનર સંગીતા રાઠોડે સૂરત ચેપ્ટરની વાર્ષિક ઉપલબ્ધિઓ રજૂ કરી હતી. મેન્ટર ધનેશ રાઠોડે મેન્ટરશિપના મહત્વ પર ભાર મૂક્યો અને દીપેશ દેસાઈએ શાલિનીઓ પાસેથી પોતાની અપેક્ષાઓ વ્યક્ત કરી. બેચ ૧ની અંજલિ જાધવ અને મેન્ટર મેઘા મારફતિયાએ પોતાની વ્યક્તિગત પરિવર્તનકારી યાત્રા શેર કરી સૌને પ્રેરિત કર્યા. આ સમારોહમાં વિશેષ અતિથિ શ્રીમતી શ્રુતિ દેશપાંડે (ગુજરાત પ્રાંત સંઘટન મંત્રી અને કાર્ડિયોલોજી કોન્ફરન્સની પ્રોડક્ટ મેનેજર) અને પૂર્વીબેન સવાણી (એલ.પી. સવાણી સ્કૂલ ગ્રુપનાં નિદેશક)ની ઉપસ્થિતિએ કાર્યક્રમની શોભા વધારી હતી. એકતા સોલંકીની આભારવિધી સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

# લંબેહનુમાન રોડ ઉપર હીરાના કારખાનામાં વહેલી સવારે આગ

**શોર્ટ** સર્કિટને કારણે લાગેલી આગ સવા કલાકની જહેમત બાદ કાબૂમાં આવી



સુરતઃ લંબેહનુમાન રોડ સ્થિત ગાયત્રીનગર ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં આવેલા હીરાના એક કારખાનામાં રવિવારે વહેલી સવારે અચાનક આગ ભભૂકી ઊઠી હતી. આગ લાગતાની સાથે જ યુનિટમાં કામ કરી રહેલા કારીગરોએ જીવ બચાવવા માટે દોડી નીચે ઉતરી જતાં મોટી દુર્ઘટના ટળી હતી. ઘટનાની જાણ થતાં કાપોદ્રા, અશ્વનીકુમાર અને પૂણા ફાયર સ્ટેશનની ટીમો આગ પર કાબૂ મેળવવાની કામગીરીમાં જોડાઈ ગઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ગાયત્રીનગર ઈન્ડસ્ટ્રીયલ એરિયાના ખાતા નં. 135માં આવેલા પ્રથમ માળના હીરા યુનિટમાં સવારે આશરે 4:25 વાગ્યે આગ લાગવાની શરૂઆત થઈ હતી. શરૂઆતમાં નાની લાગતી આગ જોતજોતામાં સમગ્ર યુનિટમાં ફેલાઈ જતાં કામદારોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ધૂમાડાના ગોટેગોટા વચ્ચે કારીગરોએ સમયસૂચકતા દાખવી તાત્કાલિક બહાર નીકળી જતાં જાનહાનિ ટળી હતી. ફાયર કંટ્રોલ રૂમને જાણ થતા ત્રણેય ફાયર સ્ટેશનોનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. આગને કારણે સમગ્ર યુનિટમાં ઘેરો ધૂમાડો ફેલાઈ ગયો હોવાથી ફાયર ફાઈટરોએ વિશેષ સુરક્ષા સાધનો અને બીએસએફ માસ્ક પહેરી અંદર પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ સતત પાણીનો મારો ચલાવી આગને વધુ ફેલાતી અટકાવવાનો પ્રયાસ હાથ ધરાયો હતો. કાપોદ્રા ફાયર ઓફિસર દિનુ પટેલના જણાવ્યા અનુસાર, આગની લપેટમાં યુનિટમાં રાખવામાં આવેલા પાંચ કોમ્પ્યુટર, બે લેઝર મશીન, ચાર હીરા ઘંટી અને બે સરીન મશીન આવી જતાં તમામ સાધનો બળીને ખાખ થઈ ગયા હતા. ફાયર બ્રિગેડની ટીમે સતત સવા કલાક સુધી જહેમત ઉઠાવી આગને સંપૂર્ણ કાબૂમાં લીધી હતી.

# વેસુ બંગલામાંથી દોઢ લાખના વાયર ચોરનાર ઝડપાયો

**રૂ. ૭૫** હજારનો મુદ્દામાલ અને ઓટો રિક્ષા કબજે, એક સાગરીત વોન્ટેડ

સુરતઃવેસુના સોમેશ્વરા ચાર રસ્તા પાસે આવેલા 'વાત્સલ્ય બંગલોઝ' ના એક નવનિર્મિત લક્ઝુરિયસ બંગલાના સ્ટોરરૂમમાંથી રૂ. ૧.૫૦ લાખના વાયરિંગના બંડલો અને કિંમતી બ્રાસના સામાનની ચોરી થવાની ચકચારી ઘટનામાં વેસુ પોલીસે એક રીઢા આરોપીની ધરપકડ કરી છે, જ્યારે તેનો અન્ય એક સાગરીત હાલ વોન્ટેડ જાહેર કરાયો છે.

ગઈ તારીખ ૦૩/૦૭/૨૦૨૬ ના રોજ મોડી રાત્રે બે થી ત્રણ વાગ્યાના અરસામાં આરોપી સુફિયાન ઈમ્તિયાજ પઠાણ (ઉ.વ.૨૪, રહે. વરિયાવી બજાર, લાલગેટ) અને તેનો સાગરીત અસલમ સલીમ શેખ ઉર્ફે પંચર (રહે. રાંદેર) ઓટો રિક્ષા લઈને વેસુના સોમેશ્વર ચાર રસ્તા પાસે આવેલા વાત્સલ્ય બંગ્લોઝમાં મકાન નંબર ૯૨માં ઘૂસ્યા હતા અને સ્ક્રૂથી સ્ટોરરૂમનો દરવાજો તોડી વાયરના બંડલ, નળ ફિટિંગના બ્રાસના કન્સિલ અને મિજાગરા ચોરી કરી રીક્ષામાં ભરી નાસી છૂટ્યા હતા. પકડાયેલો આરોપી સુફિયાન પઠાણ અગાઉ લાલગેટ પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનામાં તેમજ અઠવાલાઈન્સમાં જુગારધારાના ગુનામાં પકડાઈ ચૂક્યો છે. હાલ વેસુ પોલીસે વોન્ટેડ આરોપી અસલમ ઉર્ફે પંચરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

